# આકાશવાણી ભુજ

## સમાચાર વાચક : જાગૃતિ વકીલ

## ડીઈઓ : પ્રદીપ ચાવડા

**તારીખ : ૦૯-૦૬-૨૦૨૩** **સમય : સવારે ૬.૫૦ કલાકે**

---

**વાવાઝોડું : રાજ્ય**

દેશમાં ચોમાસાંના આગમનમાં વિલંબ થયો છે ત્યારે ગુજરાતમાં પણ હવે 20થી 25 જૂનની આસપાસ ચોમાસું બેસે તેવી શક્યતા છે. રાજ્યમાં આગામી પાંચ દિવસ દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં વરસાદ રહેશે. તે સિવાય અન્યત્ર સ્થળે છૂટોછવાયો વરસાદ રહી શકે છે. પવનની દિશા બદલાતા અને વાવાઝોડાંની અસર હેઠળ વરસાદી માહોલ રહેશે. જ્યારે અમદાવાદ અને ગાંધીનગરમાં સામાન્ય વરસાદ પડી શકે છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર બિપોરજોય વાવાઝોડું પોરબંદરથી વાયવ્ય દિશામાં આગળ વધી રહ્યું છે. હાલમાં 130 કિલોમીટરની ઝડપે પવન ફૂંકાઇ રહ્યો છે. રાજ્યમાં બે દિવસ બાદ પવનની ગતિમાં વધારો થઇ શકે છે ત્યારે તાપમાન 40 ડિગ્રી આસપાસ રહેવાની સંભાવના છે. તેની સાથે રાજ્યમાં પાંચ દિવસ ભેજવાળું વાતાવરણ પણ અનુભવાઇ શકે છે. હાલના તબક્કે વાવાઝોડાંનું સંકટ ઓછુ થયું હોય તેમ લાગી રહ્યું છે છતા તંત્ર એલર્ટ મોડ પર છે. હવામાન વિભાગ સરકાર સાથે સતત સંપર્કમાં છે. પૂર્વ મધ્ય અરબી સમુદ્ર પરથી બિપોરજોય વાવાઝોડું કલાકના પાંચ કિ.મી.ની ઝડપે ઉત્તર દિશા તરફ આગળ વધી રહ્યું છે. વાવાઝોડાંની અસર હેઠળ દેવભૂમિ દ્વારકા અને અમરેલીના તેમજ જાફરાબાદના દરિયામાં કરંટ જોવા મળ્યો હતો. દરિયાકાંઠે ૪૦ થી ૫૦ કિમી ઝડપે પવન ફુકવાની શક્યતા છે. રાજ્યમાં માછીમારોને દરિયો ન ખેડવાની તાકીદ કરવામાં આવી છે. તંત્ર દ્વારા કરવામાં આવેલી તૈયારી અનુસાર કોઇ પણ પરિસ્થિતિને પહોંચી વળવા એનડીઆરએફ ખડેપગે છે. સાથે ગાંધીનગર

ખાતે કંટ્રોલ રૂમ શરૂ કરીને વાવાઝોડાં પર ચાંપતી નજર રાખવામાં આવી રહી છે.

---------------------------------------------------------------------------------------

## **કચ્છ : વાવાઝોડું અગમચેતી**

જિલ્લા મથક ભુજ ખાતે જિલ્લા કલેક્ટર અમીત અરોરાના અધ્યક્ષસ્થાને બિપોરજોય વાવાઝોડાની સંભાવના સામે જિલ્લા વહીવટીતંત્રની પૂર્વ તૈયારીઓના આયોજન અંગે સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં મીનીમમ લોસ, ઝિરો કેઝ્યુલટીના સંકલ્પ સાથે તમામ અગમચેતીની તૈયારીઓ કરવા અધિકારીઓને કલેક્ટરશ્રીએ તાકીદ કરી હતી. તમામ વિભાગના અધિકારીઓ પરસ્પર સંકલનમાં રહીને રાહત બચાવની પૂર્વ તૈયારીઓ કરવા માટે સૂચના આપી હતી. તેમણે ખાસ કરીને દરિયાકાંઠાના વિસ્તારો જેવા કે જખૌ, માંડવી, મુન્દ્રા વગેરે ખાતે અધિકારીઓને સંપૂર્ણ અગમચેતીની તૈયારી સૂનિશ્ચિત કરવા કહ્યું હતું. વાવાઝોડા સાથે જિલ્લ અને તાલુકા કંટ્રોલ કાર્યરત કરાયા છે. કચ્છ જિલ્લા કંટ્રોલ નંબર ૦૨૮૨૩૨-૨૫૨૩૪૭ અને ૦૨૮૩૨-૨૫૦૯૨૩ તથા દરેક તાલુકાના કંટ્રોલ રૂમ પર નાગરિકો સંપર્ક કરી શકે છે.

---------------------------------------------------------------------------------------

## **કચ્છ : ખેડૂત-પશુપાલકો માટે સૂચના**

કચ્છ જિલ્લાના દરીયાકાંઠાના કેટલાક વિસ્તારોમાં વરસાદ અને વાવાઝોડાની શકયતા રહેલી છે. ત્યારે વહીવટી તંત્રના વિવિધ વિભાગો દ્વારા આગોતરા બચાવના પ્રયાસો શરૂ કરવામાં આવ્યાં છે. જે અંતર્ગત ખેડૂતો અને પશુપાલકો માટે ખાસ સૂચના જાહેર કરવામાં આવી છે.

વરસાદ અને પવનની સંભાવનાના પગલે હાલની બાગાયતી પાક ખારેક અને કેરી પરીપકવતાના સ્ટેજ પર પાકમાં નીચેની વિષમ વાતાવરણમાં કાળજી લેવી ખૂબ જરૂરી છે. કેરીના ફળો સમયસર ઉતારી લેવા તેમજ માર્કેટ યાર્ડમાં માલનો ભરાવો ન થાય તે રીતે અન્ય વૈકલ્પિક જગ્યાઓ પર વેચાણ વ્યવસ્થા ગોઠવવી.

આંબામાં સૂકી કે નુક્શાનગ્રસ્ત ડાળીઓની છટણી કરવા જિલ્લા બાગાયત અધિકારી દ્વારા જણાવાયું હતું.

જ્યારે પશુપાલકોએ વરસાદ, પવન, અતિવૃષ્ટિ કે વાવાઝોડાની વર્તમાનપત્રો, ટી.વી., રેડીઓ વ માધ્યમોમાં સરકારશ્રી દ્વારા આપવામાં આવતી ચેતવણી કે આગાહી બાબતે હંમેશા સતર્ક રહેવું જોઇએ. વરસાદ સમયે પશુપાલકોએ પોતાની માલિકીનાં પશુઓને બાંધી ન રાખવા તથા ભારે વરસાદ, આકાશી વીજળી કે કુદરતી આપત્તિ જેવા કારણસર પશુમરણ થાય ત્યારે સ્થાનિક ગ્રામ પંચાયતને તેમજ નજીકનાં પશુ દવાખાનાને સત્વરે જાણ કરવી. એવું જીલ્લા બાગાયત કચેરી દ્વારા એક યાદીમાં જણાવ્યું છે.

---------------------------------------------------------------------------------------

## કંડલા વાવાઝોડું

ગુજરાત પર બિપોરજોય વાવાઝોડાનું સંકટ તોળાઈ રહ્યું છે ત્યારે આજથી ૨૫ વર્ષ પહેલાં કચ્છમાં કંડલાના સાગર કિનારે વિઝાયેલ વાવાઝોડાની કારમી સ્મૃતિ તાજી થાય છે. પૂરા ૨૫ વર્ષ પહેલાં ૯મી જૂન ૧૯૯૮ના વાવાઝોડાથી જાનમાલની ભારે તારાજી સર્જાઈ હતી એનો ભોગ બનેલા લોકોની સ્મૃતિને યાદ કરી અંજલિ અપાઈ રહી છે.

---------------------------------------------------------------------------------------

## કચ્છના રાજપૂત અગ્રણી વિદાય

કચ્છ ઈતિહાસ પરિષદના પ્રમુખ અને રાજપૂત ક્ષત્રિય સમાજના અગ્રણી સાવજસિંહજી વખતસિંહજી જાડેજાનું ભુજ ખાતે અવસાન થયું છે. તેઓ અબડાસા તાલુકાના વિંઝાણ ગામના વતની હતા. ઈતિહાસ પરિષદ સાથે તેઓ શરૂઆતથી સક્રિય રીતે સંકળાયેલા રહ્યા હતા. કચ્છના રાજવી પરિવાર સાથે તેઓનો ઘનિષ્ઠ નાતો રહ્યો હતો. શ્રી જાડેજાના અવસાન બદલ સંસદ સભ્ય વિનોદ ચાવડા સહિત સમગ્ર કચ્છના અગ્રણીઓએ શ્રદ્ધાંજલિ આપી હતી.

---------------------------------------------------------------------------------------

## ક્રિકેટ

વિશ્વ ટેસ્ટ ક્રિકેટ ચેમ્પિયનશિપની મેચમાં ભારતે નબળી શરૂઆત કરી છે. ઓવલ ખાતેની મેચમાં ગઈકાલે બીજા દિવસની રમતને અંતે ઓસ્ટ્રેલિયાના પ્રથમ દાવમાં ૪૬૯ રનના જવાબમાં ભારતીય ટીમે ૫ વિકેટ ગુમાવી ૧૫૧ રન કર્યા હતા એ રીતે ભારત હજુ ૩૧૮ રન પાછળ છે.

---

## કચ્છમાં તાપ અને બફારો

એકતરફ અરબી સમુદ્રમાં ઉદ્દભવેલા વાવાઝોડાએ નેઋત્વના ચોમાસાને મોડું કર્યું છે. તો બીજી બાજુ કચ્છમાં વરસતા તાપ વચ્ચે વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધી જતા ગરમી અને બફારાથી કચ્છડો ત્રસ્ત બન્યો છે. હવામાન વિભાગના આંકડા મુજબ જિલ્લા મથકે સવારે હવામાં ભેજનું પ્રમાણ ૬૯ ટકા જ્યારે સાંજે ૩૭ ટકા નોંધાયું હતું. સમગ્ર કચ્છમાં દિવસ દરમિયાન મહત્તમ તાપમાન ૩૮થી ૩૯ તો રાત્રિનું તાપમાન પણ સરેરાશ ૨૮ ડિગ્રી જેવું રહેતા રાત્રે પણ લોકોને ઠંડકનો અહેસાસ થયો ન હતો.

---